**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૦૯/૨૦૧૭ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૬૫/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ :**

**અમદાવાદ શહેરમાં જવેલર્સની દુકાનોમાંથી છેતરપીંડીથી દાગીના પડાવનાર જયોમ @ જુગનું @ જય પંડિત નામના ઈસમને પકડી પાડી ૧૫ જેટલા છેતરપીંડીના ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી સોના ચાંદીના દુકાનદારોને છેતરપીંડીનો ભોગ બનાવી સોનાના દાગીના પડાવી લેવાના બનાવો બનતા હોવાની હકીકત ધ્યાનમાં આવતાં અને આવા ગુના કરનાર ઈસમ રોજે રોજ અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં સોના ચાંદીનો વ્યવસાય કરતા દુકાનદારોને ટાર્ગેટ કરતો હોય આવા પ્રકારના ગુના આચરનાર ઈસમને પકડી પાડી આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી જે.કે.ભટ્ટ સંયુક્ત પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાંચ નાઓએ અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના/માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.ઇ. શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી ડી.બી.વાળા નાઓએ આ દિશામાં પ્રયત્નો હાથ ધરેલ અને છેલ્લા ઘણા સમયથી શહેર વિસ્તારમાં આવા પ્રકારના બનેલ બનાવો અંગે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરતાં આવા ગુના કરનાર ઈસમ એક જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી આ ગુના આચરતો હોવાનું જણાઈ આવતાં અને અલગ અલગ જગ્યાઓએ બનેલ બનાવો અંગેના સી.સી.ટી.વી. ફુટેજ મેળવવામાં આવેલ અને તે આધારે ચોક્કસ દિશામાં પ્રયત્નશીલ હતા.

આ દરમ્યાન સ્ટાફના પો.કો.કૌશિકકુમાર ગોવિંદભાઇ તથા પો.કો. વિશાલભાઈ જગમાલભાઈ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ઘોડાસર સ્મૃતિમંદિર ત્રણ રસ્તા ખાતે વોચ ગોઠવી એક કાળા કલરના એક્ટીવા નંબર GJ-27-AN 3275 ઉપર એક ઈસમ જયોમ @ જુગનું @ જય સ/ઓ શશીભુષણ શ્યામલાલ પંડિત (શર્મા) ઉ.વ.૩૬ રહે. એ/૨૦૨, શિલ્પ સુષ્ટી ફ્લેટ, દહેગામ સર્કલ પાસે, હંસપુરા રોડ ગામ બિલાસીયા, કણભા, જિ.અમદાવાદ મુળ રહે.૧૩૫/૩૨૩૫, ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાને પકડી પાડેલ છે.

સદરી આરોપીની ઝીણવટપુર્વક પુછપરછ તપાસ કરતાં તેણે છેલ્લા દોઢેક વર્ષના સમય ગાળામાં અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલ સોના ચાંદીનો વ્યવસાય કરતા દુકાનદારોને ટાર્ગેટ બનાવી તેઓની પાસેથી સોનાની ચેઈનો, વિગેરે દાગીના છેતરપીંડીથી પડાવેલ હોવાની હકીકત જણાવેલ છે. જે બાબતે નીચે મુજબના ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) આજથી આશરે સવા માસ અગાઉ મણિનગર ક્રિષ્ના પેલેસમાં "જય અંબે જવેલર્સ" માંથી સોનાની ચેઈન પેંડલ સાથેની લઈ નાસી ગયેલ. બાબતે મણિનગર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૭/૧૭ ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૨) બે માસ અગાઉ નિકોલ સુકેતુ કોમ્પલેક્ષમાં આવેલ કલ્પવૃક્ષ જવેલસર્સમાંથી બે સોનાની ચેઈનો લઈ નાસી ગયેલ. બાબતે નિકોલ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૮૧/૧૭ ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૩) આશરે ચારેક માસ અગાઉ વટવા ગામમાં અલ તઈબા જવેલર્સ માંથી બે સોનાની ચેઈનો લઈ નાસી ગયેલ.

(૪) એક વર્ષ અગાઉ વટવા શાહવાડી ખાતે આભુષણ ઝવેલર્સ માંથી વીમા પોલીસીના ગ્રાહક હોવાથી તેઓ પાસે પ્રિમીયમના બહાને ગયેલ અને એક સોનાની ચેઈન લઈ નાસી ગયેલ.

(૫) ત્રણેક માસ અગાઉ નિકોલ રાજહંસ સિનેમા પાસે આવેલ સચીન જવેલર્સ માંથી સોનાની ચેઈન પેડલ સાથેની લઈ નાસી ગયેલ.

(૬) છ માસ અગાઉ નિકોલ મનમોહન ચાર રસ્તા પાસે સફલ પ્લાઝામાં આવેલ વિશ્વાસ ગોલ્ડ જવેલર્સની દુકાનમાંથી સોનાની એક ચેઈન લઈ નાસી ગયેલ હતો

(૭) પાંચ છ માસ અગાઉ નિકોલ પલાસીયા ફ્લેટની સામે આવેલ "એમ.કે.ગોલ્ડ" જવેલર્સ માંથી એક સોનાની ચેઈન લઈ નાસી ગયેલો.

(૮) એકાદ વર્ષ અગાઉ નોબલનગર શાકમાર્કેટ પાસે "પ્રભુદાસ જવેલર્સ" માંથી એક સોનાની ચેઈન લઈ નાસી ગયેલ હતો.

(૯) સાતેક માસ અગાઉ નરોડા બાપા સીતારામ ચોક પાસે "તિરુપતી જવેલર્સ" માંથી બે સોનાની ચેઈનો લીધેલ.

(૧૦) અઢી માસ અગાઉ બાપુનગર હીરાવાડી ખાતે પટેલ ડેરી પાસે આવેલ "અંજલિ જવેલર્સ" માંથી ત્રણ સોનાની વીંટીઓ નંગવાડી નાસી ગયેલ

(૧૧) ત્રણેક માસ અગાઉ સેટેલાઈટ સીમા હોલ જતા રોડ ઉપર આવેલ એક જવેલર્સની દુકાનમાંથી સોનાની એક ચેઈનલઈ નાસી ગયેલ હતો.

(૧૨) એક માસ અગાઉ મોટેરા ગામ ખાતે ગ્રામ પંચાયત સામે આવેલ એક જવેલર્સની દુકાનમાંથી એક સોનાની ચેઈન પેડલ સાથેનીલઈ નાસી ગયેલ હતો.

**<u>આરોપીની ગુનો કરવાની પધ્ધતિ</u>**

આ આરોપીની સઘન પુછપરછ તપાસ કરતાં તે આવા પ્રકારના ગુનાઓ કરવા માટે પોતાનું એક્ટીવા લઈ અમદાવાદ શહેરમાં અલગ અલગ સોના ચાંદીની દુકાન પર જતો હતો અને પોતાને દાગીના ખરીદ કરવાના બહાને દુકાનદાર પાસેથી દાગીના પસંદ કરી લેતો અને બાદમાં ચેક અથવા ડેબીટ કાર્ડથી પૈસા ચુકવવાની વાત કરતો હતો જેથી દુકાનદાર રોકડા પૈસા આપવાનો આગ્રહ રાખતાં આ આરોપી દુકાનદારને બેંકમાંથી રોકડાપૈસા આપી દઉં તેમ જણાવી તેને દાગીના સાથે બેંકમાં

આવવા જણાવી દુકાનદાર અથવા તેના નોકરને બેંકમાં લઈ જતો હતો અને તેની પાસેથી ખરીદ કરેલ દાગીનો બેંકમાં લોકરમાં મુકવો છે તેમ જણાવી તેની પાસેથી દાગીનો લઈ લેતો હતો અને ત્યારબાદ આ દુકાનદાર અથવા તેના નોકરની નજર ચુકવી દાગીનો લઈ રફુચક્કર થઈ જતો અને આ રીતે સોનાચાંદી વાળાઓને છેતરપીંડીનો ભોગ બનાવતો હતો.

આ આરોપીએ આ સિવાય બીજા પણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે

## સને ૨૦૦૩ મા વડોદરા કરજણ પોલીસ સ્ટેશન માં ચાંદીની પાટીઓની ચોરીના કેસમા તથા સને ૨૦૧૧ ની સાલમા મણિનગર પોલીસ સ્ટેશન ખુન કેસમા નાસતા ફરતા આરોપીઓ ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ઘાડ લુટના અનડીટેક ગુન્હાઓમા સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.આર.મકવાણા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા સ્ટાફનાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે આરોપીઓ **(૧) મોહમદ ઇફતેખાર ઉર્ફે મુન્ના S/O સિરાજઅહેમદ જાતે પઠાણ ઉવ.૪૫** રહે. હાલ:- ૭૦૧, મહાવીર કોમ્પલેક્ષ, રામદેવ પાર્ક, મીરારોડ, મુંબઇ મહારાષ્ટ્ર, તથા મ.નં.૧૯, ફરીદાબાદ સોસાયટી, જનતાનગર રામોલ રોડ, અમદાવાદ શહેર મુળગામ- ખેરાતપુર, પોસ્ટ- જગદીશપુર, તા.મુસાફીરખાના જી. અમેઠી ઉતરપ્રદેશ **(૨) મોહમદ રિયાઝઅહેમદ ઉર્ફે પપ્પુ S/O સિરાજઅહેમદ જાતે પઠાણ ઉવ.૪૨** રહે. હાલ:- શુકલાજી કંમ્પાઉન્ડ ના છાપરા, કારગીલ રોડ, યુ.પી નાકા, સંતોષ ભવન, નાલાસોપારા, મુંબઇ તથા મ.નં.૧૯, ફરીદાબાદ સોસાયટી, જનતાનગર રામોલ રોડ, અમદાવાદ શહેર મુળગામ- ખેરાતપુર, પોસ્ટ- જગદીશપુર, તા.મુસાફીરખાના જી. અમેઠી ઉતરપ્રદેશ નાઓને તા.૨૮/૦૯/૨૦૧૭ નારોજ ઝડપી પાડેલ છે.

ઉપરોકત ઇસમોની પુછપરછ કરતાં આરોપી નં-૧ ઇફતેખાર ઉર્ફે મુન્ના પઠાણ નાનો પોતે તથા પોતાના સાગરીતો મારફતે પોતાના ભાઇ રિયાઝના શેઠ ની ટ્રક મા ચાંદી ભરેલ ટ્રક લુટવાનો પ્લાન કરી શેઠ ડાહ્યાભાઇ ની ટ્રકમાં નવરંગપુરા બંગ્લામાંથી૧૦૦૦ કીલો જેટલી ચાંદી ની પાટો ભરીને કોલ્હાપુર ખાતે પહોંચાડવા સારુ રવાના થયેલ અને પોતે તથા બીજા સાગરિતો સાથે વડોદરા કરજણ પાસે ટ્રકમાંથી ચાંદીની પાટો કાઢી ટાટા સુમો ભરી નાસી ગયેલ આ ચાંદીની લુંટ કરનાર બીજા સાગરિતો પકડાઇ ગયેલા અને ચાંદી પોલીસે કબ્જે લીધેલ અને આ કેસમા પોતે તથા પોતાનો ભાઇ રિયાઝ ઉર્ફે પપ્પુ આ ચાંદીની પાટોની ચોરીના કેસમાં સને ૨૦૦૩ થી નાસતા ફરતા હોવાનું જણાવેલ આ દરમ્યાન આરોપીનં-૧ ઇફતેખાર ઉર્ફે મુન્ના પઠાણ નાનો મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતે તથા તેના સાગરીતો મળી મરનાર ઝાકીર ઉર્ફે પપ્પુને ઓટોરીક્ષામા લઇ જઇને મણિનગર રાજપુર હીરપુર કોલોની પાસે એક અવાવરી જગ્યા પાસે મરનાર ઝાકીર ઉર્ફે પપ્પુનેને છરીના ઘા મારી ફુટપાથ ઉપર ફેંકી દીધેલ તે ખુન કેસમા છએક વર્ષ થી નાસતો ફરતો હતો

**<u>આરોપીઓના પુર્વ ઇતીહાસ</u>** :

(૧) <u>આરોપી નં-૧ ઇફતેખાર ઉર્ફે મુન્ના પઠાણ</u> નાનો અગાઉ સને ૧૯૯૪ મા રામોલ પોલીસ સ્ટેશન મા મારા મારીના કેસમા તથા સને ૧૯૯૭ મા સરખેજ પોલીસ સ્ટેશન મા અપહરણ કેસમા તથા સને ૧૯૯૮ મા અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ મા હથિયાર ના કેસમા તથા સને ૨૦૦૦ ના વર્ષ મા શહેરકોટડા પોલીસ સ્ટેશન મા હીરાના લુંટ કેસમા પકડાયેલ છે

(૨) <u>આરોપી નં-૨ રિયાઝ ઉર્ફે પપ્પુ પઠાણ</u> વડોદરા કરજણ પોલીસ સ્ટેશનમા નાસતો ફરતો છે.

**<u>મહિલા ક્રાઇમ બ્રાન્ચ :</u>**

<u>અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન આઠમાં નોરતે પણ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ડીકોય ટીમો ગોઢવી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમાં ને ન છાઝે તેવું વર્તન કરતા-૧૨ યુવાનોને ઝડપી પાડયા.</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી તથા સંયુકત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ નાઓએ નવરાત્રી મહોત્સવ દરમ્યાન અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલ્બો, શહેરીઓમા ગરબાનું આયોજન થતુ હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પલાન ઘડી કાઢી સંઘન પેટ્રોલીંગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ છે. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબર સેલ ના મહિલા અધિકારી/કર્મચારીઓને ડીકોયની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય પાંચ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં નવરાત્રી ના આઠમાં નોરતે પણ બંદોબસ્ત પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન ડીકોય ની ટીમોએ ખાણી-પીણી ના બજારો જાહેર જગ્યાએ તેમજ કલ્બો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઠવેલ આદરમ્યાન મહિલા કર્મચારીઓને ટ્રેડીશનલ ડ્રેશમાં મોકલી ડીકોય ગોઢવતા કુલ્લે- ૧૨ યુવાનોને ડીકોયમાં મોકલેલ ટ્રેડીશનલ ડ્રેશ વાળી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમાં ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૂધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે. તેમજ શહેર મહિલા સમિતી વોર્ડ, મહિલા સમિતી, વિવિધ એ.જી.ઓ. અને ખાનગી બાતમી દારોને આગામી નવરાત્રીના દિવસોમાં આવી અસામાજીક પ્રવૃતિ કરતા યુવાનોની માહીતી મળેતો મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતે અથવા તો કંટ્રોલ રૂમ અથવા એ.સી.પી. મહિલા સેલ અને મહિલા હેલ્પ લાઇન ૧૮૧ ને જાણ કરવા અલગ-અલગ ગૃપ માં સોસિયલ મીડીયાથી જાણ કરવામાં આવેલ છે. તા.૨૮/૦૯/૨૦૧૭

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુરનં.૧૨૩/૨૦૧૭ ઇપીકો કલમ-૪૨૦, ૧૨૦(બી), તથા આઇ.ટી.એક્ટ. ૬૬(ડી),૬૬(ઇ) મુજબ ના કામના ફરીયાદી આદિત્યસિંગ અનિલસિંગ સિંગ ઉ.વ.૨૯ રહે-સી/૪03 દેવસંગમ એપાર્ટમેન્ટ કોટેશ્વર ભાટ રોડ મોટેરા અમદાવાદ નાઓ અમદાવાદ મેમનગર ડ્રાઇવ-ઇન રોડ ખાતે આવેલ ઇશ્વર કોમ્પલેક્ષમાં આવેલ કર્ણાવતી બાઇક્સ પ્રા.લિ. નામના વર્કશોપમાં સર્વિસ મેનેજર તરીકે નોકરી કરતા હોઇ તેઓએ તા.૨૮/૯/૧૭ ના રોજ વાગે ફરીયાદ જાહેર કરેલ કે પોતાના ઉપરોકત વર્કશોપમાં કેશીયર તરીકે નોકરી કરતા દિપેશ દશરથભાઇ ડાભી ઉ.વ.૨૪ રહે-૯૭ અશોક મીલની નવી ચાલી અશોક મીલની સામે નરોડા રોડ અમદાવાદ મુળ વતન-ગામ-ઝાંક તા-દહેગામ જી-ગાંધીનગર નાઓ વર્કશોપમાં ગ્રાહકોના પેમેન્ટ કરતી વખતે ગ્રાહક પોતાને ક્રેડીટ કાર્ડ આપે ત્યારે ગ્રાહકની નજર ચુકવી પ્રથમ પોતાની પાસે રહેલ ખાનગી ડિવાઇસ (સ્કીમર)માં ક્રેડીટ કાર્ડ ઘસ્યા બાદ આ કાર્ડ કંપનીના સ્વાઇપ મશીનમાં ઘસતો હોય ત્યારબાદ આ સ્વાઇપ મશીન જ્યારે પાસવર્ડ નાખવા માટે કસ્ટમરને આપતો તે સમયે વર્કશોપમાં સર્વિસ કનસલટન્ટ તરીકે નોકરી કરતો દિપક વસંતભાઇ રાઠોડ ઉ.વ.૨૭ રહે-૯૯ સજલપાર્ક સોસાયટી અમરપાર્ક એપાર્ટમેન્ટની બાજુમાં નરોડા સ્મશાનગૃહની બાજુમાં નરોડા અમદાવાદ મુળ વતન-ગામ-સિતવાડા તા-પ્રાંતિજ જી-સાબરકાંઠા નાનો ગ્રાહકનો પાસવર્ડ ચોરી છુપીથી જોઇ લેતો જે તમામ પ્રવૃત્તી કર્ણાવતી બાઇક્સ પ્રા.લિ. ના સીસીટીવી કેમેરામાં રેકોર્ડીંગ થયેલ હોવાની ફરીયાદ આધારે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી ઉપરોકત ગુનાના કામે આરોપી દિપેશ ડાભી તથા દિપક રાઠોડને અટક કરવામાં આવેલ છે અને હાલ સુધીની તપાસ દરમ્યાન બે ક્રેડીટ કાર્ડ ધારકોના કુલ રૂ.૪૫,૦૦૦/- જયપુર રાજસ્થાન ખાતેના ATM માંથી ઉપડી ગયેલા હોવાનું જાણવા મળતા એક આંતરરાજ્ય સાયબર ક્રાઇમ ગેંગ સદર ગુનામાં સંડોવાયેલ હોવાની વિગતો ખુલવા પામેલ હોઇ આ કામે ઉપરોકત બન્ને આરોપીઓના દિન-૦૫ના પોલીસ રીમાન્ડ મેળવી આગળની તપાસ પોલીસ ઇન્સ્પેકટર જી.એસ.પટેલ નાઓ ચલાવી રહેલ છે.

## સુરક્ષા સેતુ રથ:

જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ





 

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.